# ચોમાસુ વાવેતર માટે વનતંત્ર ટુંકમાં જ ખાડા ખોદવાનુ અભિયાન

ગાંધીનગર તા ૧૪

શહેરમાં દરવર્ષે વનતંત્ર દ્વારા ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષી શિયાળા દરમિયાન જ તૈયારીઓ શરૂ કરી દેવાય છે. ખાડા ખોદવાની કામગીરી હાથ ધરવાનુ કામ ટુંકમાં જ શરૂ કરી દેવાશે. શહેરી વિસ્તારમાં ચોમાસુ વાવેતરને ધ્યાને લઈ ૮ હજાર જેટલા ખાડા ખોદવામાં આવશે.

નગરની હરિયાળીને બરકરાર રાખવા માટે વનતંત્ર દ્વારા દરવર્ષે નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ રોપાઓનો યોગ્ય ઉછેર થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવે છે. ચોમાસા દરમિયાન રોપાઓની વાવણીને અનુલક્ષી જરૂરી પુર્વ તૈયારીઓ મહીનાઓ અગાઉ જ શરૂ કરી દેવામાં આવે છે. જેના પગલે આગામી ચોમાસુ વાવેતરને વધુ અસરકારક બનાવવા માટે તંત્ર દ્વારા ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે.

સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં ચોમાસુ વાવેતર માટે શિયાળાની ગુલાબી ઠંડીમાં જ ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાશે. શહેરી વિસ્તારમાં ૮ હજાર જેટલા નવા ખાડાઓ ખોદવામાં આવશે. ઉનાળા પુર્વે ખાડા ખોદવાનુ કામ પુર્ણ કરી દેવાશે જેના લીધે ઉનાળામાં ખાડાઓ ગરમ થતા ખાતર તેમજ રોપા ઉછેરની પ્રક્રીયા વધુ અસરકારક બને છે. જેના લીધે વાવેતર મહત્તમ સફળ થાય છે. આગામી ચોમાસા દરમિયાન પણ શહેરમાં હરિયાળા વૃક્ષોના ઉછેરને વધુ પ્રોત્સાહીત કરવા માટે અત્યારથી જ વનતંત્રની ટીમ ખાડા ખોદવાની કામગીરીમાં લાગી જશે. ટુંક સમયમાંજ નિયત કરાયેલા ઠેકાણે ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાશે.

# દંતાલીની સીમમાં ટ્રેનની ટક્કરે યુવકનું મોત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીકના દંતાલી ગામની સીમમાં રેલ-વે લાઈન પર ટ્રેનની ટક્કરે ૧૮ વર્ષીય અજાણ્યા યુવકને ગંભીર ઈજાઓ થતા તેનું કરણ મોત થવા પામ્યુ હતુ. આ મામલે પોલીસ અકસ્માતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઉવારસદ નજીકના દંતાલી ગામની સીમમાંથી મીટર ગેજની રેલ-વે લાઈન પસાર થાય છે. આ લાઈન પર દરરોજ મોટી સંખ્યામાં ટ્રેનો અવરજવર કરે છે.

આ દરમિયાન આજે વહેલી સવારે ૮ વાગ્યાની આસપાસ પેસેન્જર ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે કોઈ અજાણ્યા યુવાનને પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રેને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૮ વર્ષીય યુવાનને શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું મોત થયુ હતુ. આ બનાવ અંગે ખોડિયાર રેલ-વે સ્ટેશનના કર્મચારી પ્રશાંતકુમારે પોલીસને જાણ કરતા પોલીસે બનાવ સ્થળે આવી મૃતક યુવકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જો કે હજુ સુધી આ અજાણ્યા યુવકની કોઈપણ પ્રકારની ઓળખ થઈ નથી.

## ચક્કાજામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શહેરોમાં જીવનજરૂરી ચીજોની હેરફેર કરે છે. મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડવાની સ્થિતીમાં વધારે તકલીફ થઈ શકે છે. ટ્રકિંગ ઈન્ડસ્ટ્રીઝમાં આશરે ૮૦ ટકા કારોબાર રોકડમાં થાય છે.

હજારો ટ્રક અટવાઈ પડ્યા બાદ આ સ્થિતીને હળવી કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. હજારો ટ્રકો હાઈવે પર ફસાઈ ગયા બાદ જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાની કામગીરીમાં અડચણો આવી રહી છે. ટ્રક ઈન્ડસ્ટ્રીના કારોબારીઓના કહેવા મુજબ કેટલાક હાઈવે પર ૧૫ કિલોમીટર સુધીની લાંબી લાઈનો લાગી છે.

## શ્રેણીબદ્ધ જાહેરાત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવી ચુકી છે. મોટી સંખ્યામાં એટીએમ રિકેલિબ્રેશન કરવામાં આવી રહ્યા છે જેમાં ૨૦૦૦ રૂપિયાની નોટ પણ આવી શકશે. તેમણે કહ્યું હતું કે, આ ટીમને બેંકો અને જુદી જુદી સંસ્થાઓ સાથે મળીને કામ કરવા માટે જવાબદારી સોંપવામાં આવી છે. એટીએમ નેટવર્કના સોફ્ટવેર અને હાર્ડવેરના રિકેલિબ્રેશનના પ્રયાસ થઈ રહ્યા છે. આ ટાસ્ક ફોર્સ એવી ખાતરી કરશે કે એટીએમ નેટવર્ક શક્ય તેટલી વહેલીતકે એક્ટિવેટ થઈ શકે. તેની પ્રથમ બેઠક આવતીકાલે પણ મળી શકે છે.

બીજી બાજુ નાણા સચિવ શશીકાંત દાસે આજે કહ્યું હતું કે, વડાપ્રધાનના આવાસ ઉપર મોડી રાત્રે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એવો નિર્ણય કરાયો હતો કે, કેશની ઉપલબ્ધતાને વધારવા માટે ઘણા પગલા લેવાયા છે. માત્ર એટીએમ રિકેલિબ્રેટ કરવામાં આવી રહ્યા નથી. એટીએમમાંથી જ ૨૫૦૦ રૂપિયા પણ ઉપાડી શકાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રોકડની ઉપલબ્ધતા વધારવા બેકિંગ કોરસપોન્ડેન્ટની રોકડ મર્યાદાને વધારવામાં આવી છે. તેમની બેંકોમાંથી પૈસા ઉપાડવાની મર્યાદાને ૫૦ હજાર રૂપિયા કરવામાં આવી છે. માઈક્રો એટીએમ પણ વધારવામાં આવનાર છે. એટીએમમાં ઘણી જગ્યાએ આજથી ૨૦૦૦ રૂપિયાની નોટ મળવાની શરૂઆત થઈ ચુકી છે. ૫૦૦ રૂપિયાની નવી નોટ પણ આવી ચુકી છે. નાણા સચિવે કહ્યું હતું કે, રિકેલિબ્રેટેડ એટીએમની સંખ્યા વધારવા માટે રિઝર્વ બેંક એક ટાસ્ક ફોર્સ બનાવશે. સિનિયર સિટિઝનો અને દિવ્યાંગો માટે અલગ લાઈન બનાવવામાં આવી રહી છે. તેમના માટે હવે અલગ લાઈન રહેશે. લોકોની સુવિધા માટે પહેલાથી જ ઘણા નિર્ણયો કરાયા છે.

## જરૂરી સેવા માટે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી. બેઠકમાં સિનિયર પ્રધાનો અને અન્યો હાજર રહ્યા હતા. બેઠકમાં નિર્ણય બાદ સામાન્ય લોકોમાં જોવા મળી રહેલી નારાજગી પર ચર્ચા કરવામાં આવી હતી. સપ્લાયને સુધારી દેવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે વાત કરી હતી. અંતે જુની નોટ સ્વીકારવા માટેની અવધિ ૧૪મી નવેમ્બરથી વધારીને ૨૪મી નવેમ્બર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બેંકોને કમ સે કમ ૫૦ હજાર રૂપિયા સુધી કેશ લિમિટ વધારી દેવા માટે કહેવામાં આવ્યુ છે.

## બજાર બેહાલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થતી નથી. જયારે છુટા પૈસાની પર્ણોંજણમાં દિવસ પુરો થઈ જતા બજારમાં આવશ્યક સેવા સિવાય જવાનો સમય કે પૈસા હાથ લાગે તેમ નથી તેવા સંજોગોમાં શોપિંગ સેન્ટરમાં સાવ સુનકાર પ્રવર્તયો છે. શહેરના મુખ્ય સે-૨૧,સે-૨૪ ઈન્ફોસિટી કુડાસણ ,સરગાસણ સહીતના શોપિંગ બજારમાં ઘરાકીના અભાવે મંદીનુ મોજુ ફરી વળ્યુ છે. વેપારીઓના ટર્ન ઓવરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હોવાનો સુર૫ ઉઠવા પામ્યો છે. વેપારીઓના આડા દિવસાના ટર્ન ઓવર તેમજ હાલની સ્થિતિમાં ૪૫ ટકાની ઘટ સાથેનો તફાવત થયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. બજારમાં આર્થિક મંદીએ જાણે અજગર ભરડો લીધો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. બીજીતરફ રીયલ એસ્ટેટ ઠપ્પ થઈ ગયુ છે. બિલ્ડરો પણ બેહાલ બન્યા છે. વી આઈ પી દબદબો ધરાવતા રાજયના પાટનગરમાં હાલ બેંકીંગ વિસ્તારમાં જ ભીડભાડ જાવા મળી રહી છે.આમ નાગરિકો સવાર પડતા જ નોટ બદલાવવા તેમજ પોતાની પાસે રહેલી રોકડ જમા કરાવવા માટે બેંકની બહાર કતારમાં ઉભેલા જોવા મળે છે. ત્યારે બજાર તરફ લમણુ વાળવાનો સેકટરવાસીઓ પાસે પૈસા અને સમય બન્ને નથી.

## બેંકોની મનમાની

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર શહેરમાં ખાનગી બેંકોની નાની શાખાઓમાં રોકડ એક્સચેન્જ કરવામાં મનમાની કરવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

આજથી લગ્નસરાની મોસમ પણ આરંભાઈ રહી હોવાથી લાઈનો મોટી જોવા મળતી હતી. જો કે સરકારે એક્સચેન્જની રકમમાં રૂ. ૫૦૦ તેમજ ઉપાડવાની મર્યાદામાં રૂ. ૪ હજારના કરેલા વધારાને લઈ લોકોમાં રાહતની લાગણી પ્રસરી છે. બેંકો દ્વારા આજે પણ નાના-દરની નોટ્સનું વિતરણ કરવામાં આવતાં બે દિવસમાં બધુ થાળે પડી જશે તેમ માનવામાં આવી રહ્યું છે.

## નોટો બદલવા વરધી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આગળ લાઈનમાં વહેલી સવારથી જ ઉભા રહેવા આદેશ ફરમાવી દે છે. નાના કર્મચારીઓ ઉચ્ચ અધિકારીઓના હૂકમને માની મજબુરીના માર્યા ફરજના ભાગરૂપે પોતાના કામ નથી કરી શકતા, પરંતુ સાહેબ માટે લાઈનોમાં ઉભા રહે છે. જેથી નાના કર્મચારીઓની હાલત અત્યંત દયનીય બની છે. જ્યારે ઉચ્ચ અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસી સાંજે નોટો ગણે છે. પોતાની સત્તાનો રૂઆબ નાના કર્મચારીઓ પર જાડવો તે કેટલા અંશે વાજબી છે.

પ્રજા છેલ્લા એક અઠવાડીયાથી નાણાંના ચક્કરમાં આર્થિક ભીષમાં મુકાઈ છે. ત્યારે પ્રજાને ઉપયોગમાં આવવાને બદલે આ સત્તાધિકારીઓ જ પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરી નાના કર્મચારીઓ પર ફરજના ભાગરૂપે વરધીઓ પકડાવી અત્યાચાર કરી રહ્યા છે. તે ખરેખર બંધ થવો જોઈએ અને અધિકારીઓએ આવી પરિસ્થિતિમાં જાતે જ સહકાર આપવો જોઈએ તેવો શૂર પણ નાના કર્મચારીઓમાં ઉઠવા પામ્યો છે.

## અજવાળું - અજવાળું

● **૪ પાનાનું ચાલુ...**

મળે છે એનું મૂલ્ય અણમોલ છે.

કામ કરનાર માણસ કે ડ્રાઈવરને જાણે ખરીદી લીધો હોય તેમ કામ કરાવતા માણસો આપણે જોયા છે, અને બદલે એના ગૌરવને સાચવીને પ્રેમથી કામ કરાવનાર માણસ કદાચ વધુ સફળ થાય છે.

સામેના માણસને માનવતાપૂર્ણ અભિગમથી મૂલવીએ - અનુભવીએ અને એને હૂંફ કે મદદ આપીએ ત્યારે એ તો રાજી થાય જ છે પરંતુ આપણી અંદર પણ અજવાળા રેલાય છે!

તેજપૂંજ :
ઈન્સાન બનો
કર લો ભલાઈ કા કામ
(હિંદી ફિલ્મનું જાણીતું ગીત)

## KALPA-TARU

**KALPATARU POWER TRANSMISSION LIMITED**

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281 Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Unaudited Standalone Financial Results for the Quarter/ Half Year ended 30th September, 2016**

( ₹ in Lacs)

| Sr. No. | Particulars | Quarter ended 30-09-2016 | Half Year ended 30-09-2016 | Quarter ended 30-09-2015 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 1,14,325 | 2,33,062 | 95,941 |
| 2 | Net Profit for the period before tax | 8,826 | 18,704 | 7,263 |
| 3 | Net Profit for the period after tax (after extraordinary items) | 5,781 | 12,234 | 4,750 |
| 4 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 5,831 | 13,479 | 4,338 |
| 5 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 6 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | | |
| | a) Basic | 3.77 | 7.97 | 3.10 |
| | b) Diluted | 3.77 | 7.97 | 3.10 |

Notes:

1. The above is an extract of the detailed format of unaudited quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2. The Company has adopted Indian Accounting Standards (Ind AS) from April 01, 2016. The figures for the quarter/ half year ended September 30, 2015 have been restated to comply with Ind AS and are comparable on like to like basis. Due to this change, net profit for the quarter and half year ended September 30, 2015 is higher by ₹ 648 lacs and ₹ 108 lacs respectively.
3. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on November 14, 2016. The Statutory Auditors of the Company have carried out a Limited Review of the results for the quarter and half year ended September 30, 2016.
4. The previous period's/year's figures have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

Place : Mumbai
Date : 14th November, 2016

Manish Mohnot
Managing Director
DIN : 01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses so far, are requested to register their e-mail addresses in the following manner :
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.




# ટીમ વિજય રૂપાણીની નિર્ણાયક સરકારના

## ૧૦૦ દિવસ... ૧૨૫ નિર્ણય...

## ગુજરાત ઓન ફાસ્ટટ્રેક

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

### કોમનમેન માટે CM (કોમનમેને) લીધા સંવેદનશીલ પગલાં...

- ગરીબ દર્દીઓને મોંઘી દવાઓ સસ્તા ભાવે પૂરી પાડવા જેનેરિક દવાઓના ૫૨ સ્ટોરનો શુભારંભ: ટૂંક સમયમાં તાલુકા મથકો સુધી દવાના સ્ટોર
- વિધવા બહેનોને દર માસે રૂા.૧ હજાર વિધવા પેન્શન: ૧,૫૨,૦૦૦ વિધવા બહેનોને લાભ
- ગરીબ પરિવારના સ્વજનના મૃતદેહને હોસ્પિટલથી તેના વતન સુધી સરકારી ખર્ચે પહોંચાડવાનો નિર્ણય
- સિકલસેલ એનીમિયાના દર્દીઓને દર માસે રૂા.૫૦૦ની સહાય
- રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતીમાં પ્રતિક્ષાયાદીનું કદ ૧૦ ટકાથી બમણું ૨૦ ટકા કરવાનો નિર્ણય
- ૭મા પગારપંચનો લાખો સરકારી કર્મયોગીઓને લાભ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય
- માછીમારો અને બોટધારકોને ડિઝલની સબસિડી પેટે રૂા.૮૦ કરોડની સહાય
- દેશ માટે જાનની બાજી લગાવનારા જવાનો સાથે સરહદે જઈ દિવાળી પર્વની મુખ્યમંત્રીશ્રીએ કરી ઉજવણી

### પ્રજાને પ્રતીતિ પ્રમાણિકતા અને પારદર્શિતાની

- સેવા સેતુ કાર્યક્રમને વ્યાપક જનપ્રતિસાદ: ૨ લાખથી વધુ વ્યક્તિગત અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ
- પ્રગતિ સેતુ કાર્યક્રમ: યોજનાઓના અમલ-સંકલન અંગેની સામૂહિક રજૂઆતોનો કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં થશે સ્થળ ઉપર નિકાલ
- ટીપી સ્કીમમાં રહેલા તમામ પ્લોટને અલગ અલગ NA (નોન એગ્રિકલ્ચર) કરાવવામાંથી મુક્તિ: હવેથી ટાઉન પ્લાનર દ્વારા જ થશે એક સાથે NA
- મહેસૂલી તલાટીઓ તેમના સેજાના મુખ્યમથકે સોમવારથી બુધવાર દરમિયાન ફરજિયાત હાજર રહેશે
- ૯૫ ગરીબ કલ્યાણ મેળામાં ૧૪.૮૮ લાખ લાભાર્થીઓને રૂા.૩૮૬૨ કરોડની સહાય આપી હાથોહાથ
- યુવાનોને રોજગારીની વિપુલ તકો : એક જ વર્ષમાં ૬૭,૦૦૦ જેટલી સરકારી જગ્યા ઉપર ભરતીનું આયોજન

### જનહિત માટે પ્રતિબદ્ધતા-નિર્ણાયકતા

- રાજ્ય હાઈવે પર નાના વાહનોને ટોલટેક્ષમાંથી મુક્તિ
- નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ૧૨૫૦ ચો.ફૂટ સુધીના મકાન બાંધકામ માટે પૂર્વમંજૂરી લેવામાંથી મુક્તિ
- આઠ એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને એ જ સર્વે નંબરમાં બીજું ખેત વીજજોડાણ આપવાનો નિર્ણય
- મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો-રસોઈયાઓના માનદ્ વેતનમાં નોંધપાત્ર વધારો: અંદાજે ૯૬,૧૦૨ કર્મચારીઓ લાભ
- સૌની યોજના: સૌરાષ્ટ્રમાં સમૃદ્ધિના ખુલ્યાં દ્વાર: ૧૧૫ જળાશયો નર્મદાના નીરથી ભરાશે
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭: અમેરિકા સહિત ૧૦ દેશો બનશે ભાગીદાર

### માળખાગત સુવિધાઓ

- રૂા.૪૩૩૮ કરોડના ખર્ચે તમામ મહાનગરપાલિકા-નગરપાલિકાઓની ઓવરહેડ વીજવિતરણ લાઈનો અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતર થશે
- ગુજરાતના ૧૧ નાના એરપોર્ટને મળશે વધુ સારી એર કનેક્ટિવિટી
- તાલુકાકક્ષાએ મળતી નાગરિક સેવાઓ ડિજીટલ કનેક્ટિવિટીથી છ હજાર ગામોમાં ઉપલબ્ધ
- સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત સુરત, અમદાવાદ અને વડોદરાની પસંદગી
- દહેજ અને ભાવનગરના ઘોઘાને સમુદ્રી માર્ગે જોડવા માટે રો-રો ફેરી સર્વિસ શરૂ થશે
- ૩૬ એકરની વિશાળ જગ્યામાં સુરત ડાયમંડ બુર્સ સાકાર થશે: ૧.૫૦ લાખ નવી રોજગારીનું સર્જન

૧૮૩ ફળદાયી ઓફિસીયલ મિટિંગ

૧૪૯ જાહેર કાર્યક્રમોમાં ૫ લાખથી વધુ મેદનીને સંબોધન

કુલ ૪૧૦૦૦થી વધુ કિ.મી.નો રાજ્ય-આંતરરાજ્ય પ્રવાસ

૪૫૦૦૦ જેટલા મુલાકાતીઓ સાથે સીધો સંવાદ

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ : વિવિધ વિદેશી પ્રતિનિધિ મંડળો સાથે ફળદાયી મિટિંગ



સૌનો સાથ, સૌનો વિકાસ...

Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official
www.twitter.com/infogujarat